# ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડની કામગીરી

૨૧.૮.૨૦૦૮

- **ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડની રચના**

- રાજયના પાણી પુરવઠા પ્રભાગ હેઠળ પીવાના પાણી પુરવઠાને લગતી કામગીરી કરવા માટે પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડની રચના **વર્ષ ૧૯૭૯** માં કરવામાં આવી છે.

- **કામગીરી**

- પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડની મુખ્ય કામગીરીમાં રાજયના તમામ ગ્રામ્ય વિસ્તારના લોકોને શુધ્ધ, પીવાલાયક, પુરતો અને નિયમિત પાણી પુરવઠો પુરો પાડવો તે છે.

- **કોના ધ્વારા કરવામાં આવે છે.**

- સરદાર સરોવર કેનાલ આધારીત યોજનાઓનું અમલીકરણ કરવા માટે ગુજરાત વોટર ઇન્ફ્રાસ્ટ્રકચરની રચના કરવામાં આવી છે.
- લોકભાગીદારીના સિધ્ધાંતો આધારે આંતરિક પાણી પુરવઠા યોજનાનું વ્યવસ્થાપનની કામગીરી માટે વોટર એન્ડ સેનીટેશન મેનેજમેન્ટ ઑર્ગેનાઇઝેશન (વાસ્મો) રચના કરવામાં આવી છે.

- **ઉદેશ્ય**

- પીવાના પાણીની સગવડ વગરનાં (દરરોજ માથાદીઠ ૧૦ લીટરથી ઓછું પાણી મેળવતાં), પીવાના પાણીની અંશતઃ સગવડતાવાળાં (દરરોજ માથાદીઠ ૧૦થી ૪૦ લીટર પાણી મેળવતાં) તેમજ પીવાના પાણીમાં ગુણવત્તાની અસરવાળાં ગ્રામ વિસ્તારોમાં પીવાના પાણીની સગવડ કરવા આયોજન અને અમલીકરણ કરવું.
- રાજયના મોટાભાગના વિસ્તારોને રાજયવ્યાપી પાણી પુરવઠા ગ્રીડની તેમજ કાયમી અને ટકાઉ સરફેસ સ્ત્રોત આધારીત યોજનાથી આવરી લેવા.
- સ્થાનિક સ્ત્રોતોનું મજબુતીકરણ કરવું.
- પૂર્ણ કરેલ ગ્રામ્ય જુથ પાણી પુરવઠા યોજનાઓ અને ડીસ્ટ્રીબ્યુશન ગ્રુપો માટે સંચાલન, નિભાવણી અને મરામતની કામગીરી કરવી.

- **પંચવર્ષીય યોજના અને વાર્ષિક યોજનાનું અમલીકરણ**

- પાણી પુરવઠા પ્રભાગ હેઠળ પંચવર્ષીય યોજના તેમજ વાર્ષિક યોજનાઓનું અમલીકરણ કરવામાં આવે છે. હાલમાં ૧૧મી પંચવર્ષીય યોજનાનું બીજું વર્ષ ૨૦૦૮-૦૯નું અમલીકરણ કરવામાં આવી રહયું છે.

- વાર્ષિક યોજનામાં રાજય સરકાર દ્વારા આયોજીત (પ્લાન) અને બિન આયોજીત (નોનપ્લાન) સદર હેઠળ સહાય મળે છે. તેમજ ભારત નિર્માણ- પાણી પુરવઠા હેઠળ કેન્દ્ર સરકાર દ્વારા ફંડની ફાળવણી કરવામાં આવે છે.
- રાજયમાં અનુસૂચિત જનજાતિના વસ્તી (૧૪.૭૬ ટકા) ના પ્રમાણસર અનુસૂચિત જનજાતિ પેટા યોજના હેઠળ જોગવાઇ અંકિત કરવામાં આવે છે.
- રાજયમાં અનુસૂચિત જાતિના વસ્તી (૭.૦૯ ટકા) ના પ્રમાણસર અનુસૂચિત જાતિ પેટા યોજના હેઠળ જોગવાઇ અંકિત કરવામાં આવે છે.

❑ **આયોજીત સદરો હેઠળ મુખ્ય કાર્યક્રમો નીચે મુજબ છે.**

- ગ્રામ્ય પાણી પુરવઠા કાર્યક્રમ - પાણી પુરવઠા
- સરદાર સરોવર કેનાલ આધારીત પાણી પુરવઠા યોજના
- સુજલામ સુફલામ યોજના
- લોકભાગીદારી સિધ્ધાંતને અનુસરી ગ્રામ્ય પાણી પુરવઠા યોજનાઓનું અમલીકરણ
- પૂર્ણ થયેલ ગ્રામ્ય જૂથ પાણી પુરવઠા યોજનાઓનું સંચાલન અને નિભાવણી માટે, સરદાર સરોવર નર્મદા નિગમ અને સિંચાઇ વિભાગ ને ચૂકવાતા પાણીના ચાર્જીસ

- બિન આયોજીત (નોન પ્લાન) સદર હેઠળ મુખ્ય કાર્યક્રમો નીચે મુજબ છે.
  - વહીવટી ખર્ચ
  - કુદરતી આફતો જેવી કે, પીવાના પાણીની અછત, પૂર રાહત
- ભારત નિર્માણ કાર્યક્રમ અંતર્ગત કેન્દ્ર સરકાર દ્વારા મળતી સહાયની વિગતો

| ક્રમ | કાર્યક્રમ | કેન્દ્ર સરકારની સહાય |
|---|---|---|
| ૧ | ત્વરિત ગ્રામ્ય પાણી પુરવઠા કાર્યક્રમ | ૫૦ ટકા |
| ૨ | રણ વિસ્તાર વિકાસ કાર્યક્રમ | ૧૦૦ ટકા |
| ૩ | સબમિશન - કવોલિટી પ્રોબ્લેમવાળાં ગામો માટે | ૭૫ ટકા |
| ૪ | પીવાના પાણીની ગુણવત્તા, નિયમન અને દેખરેખ | ૧૦૦ ટકા |
| ૫ | કોમ્પ્યુટરાઇઝેશન (એમઆઇએસ) | ૧૦૦ ટકા |

❑ **કાર્યક્રમવાર કરવામાં આવતી કામગીરી નીચે મુજબ છે :**

- **ગ્રામ્ય પાણી પુરવઠા કાર્યક્રમ** અંતર્ગત રાજય સરકારના ન્યુનતમ જરૂરિયાત કાર્યક્રમ અને કેન્દ્ર સહાયિત ત્વરિત ગ્રામ્ય પાણી પુરવઠા કાર્યક્રમ (ભારત

નિર્માણ કાર્યક્રમ) હેઠળ કામગીરી કરવામાં આવે છે. જેમાં પીવાના પાણીની મુશ્કેલીવાળાં ગામ/ફળીયાઓની વ્યક્તિગત પાઇપ યોજના, ગ્રામ્ય જૂથ પાણી પુરવઠા યોજનાઓ, સુધારણા પાણી પુરવઠા યોજનાઓ, હેન્ડપંપ, મીની પાઇપ, આદિજાતિ વિસ્તારની યોજનાઓ, અનુસૂચિત જાતિ પેટા યોજના (ખાસ અંગભૂત યોજના) વગેરેનું આયોજન અને અમલીકરણ કરવામાં આવે છે.

- વર્ષ ૨૦૦૩-૦૪ માં કરેલ સર્વેક્ષણ મુજબ રાજયનાં કુલ ૩૪૮૪૫ ગામ/પરા પૈકી ૧૬૬ ગામ/ફળીયા પીવાના પાણીની મુશ્કેલીવાળાં (એન.સી.) અને ૯૪૬૨ ગામ/ફળીયા પીવાના પાણીની અંશતઃ સુવિધાવાળાં (પી.સી.) તેમજ ૭૬૭૫ ગામ/ફળીયામાં પીવાના પાણીની ગુણવત્તાની અસરવાળાં માલુમ પડેલા. તે પૈકી તા. ૧/૪/૦૮ અંતિત કુલ ૧૬૬ એન.સી. કક્ષાનાં, ૫૫૫૭ પી.સી. કક્ષાનાં અને ૫૯૪૩ પીવાના પાણીની ગુણવત્તાની અસરવાળાં ગામ/ફળીયાં આવરી લેવામાં આવેલ છે.

### સરદાર સરોવર કેનાલ આધારીત નર્મદા માસ્ટર પ્લાન

- સ્થાનિક સોર્સ આધારીત પીવાના પાણીની યોજનાઓ ઉપર આધાર રાખવાને બદલે સરફેસ સોર્સ (સ્તર સોર્સ) આધારીત યોજનાઓનું નિર્માણ કરી એક વોટર ગ્રીડનું નિર્માણ કરવામાં આવ્યું છે. જેમાં સરદાર સરોવર કેનાલ આધારીત નર્મદા માસ્ટર પ્લાન હેઠળ રાજયનાં ૯૬૩૩ ગામો અને ૧૩૧ શહેરોને આવરી લેવાનું આયોજન કરી અમલીકરણ શરૂ કરેલ છે. અત્યાર સુધીમાં ૧૮૮૮ કિ.મી. લંબાઇની બલ્ક પાઇપલાઇન કામગીરી પૂર્ણ કરેલ છે અને તે આધારીત ડીસ્ટ્રીબ્યુશન ગ્રુપોની કામગીરી કરી ૫૧૦૪ ગામો અને ૮૦ શહેરોને જોડવાની કામગીરી પૂર્ણ કરાઇ છે.

- **સરહદી વિસ્તાર વિકાસ** કાર્યક્રમમાં કચ્છ, બનાસકાંઠા અને પાટણ જિલ્લાના સરહદી વિસ્તારના તાલુકાઓ માટેની યોજનાની કામગીરી

- **રીચાર્જીંગ કાર્યક્રમ** - યોજનાના હયાત સોર્સને રીચાર્જ કરવાની કામગીરી,છત ઉપર પડતા વરસાદી પાણીના સંગ્રહ માટેની સંગ્રહ ટાંકીઓ બનાવવી.

- **પાણીની ગુણવત્તા, નિયમન અને દેખરેખ કાર્યક્રમ** હેઠળ ગામલોકોને પાણીની ગુણવત્તા જાળવણી માટે તાલીમ આપવી, પીવાના પાણીની ગુણવત્ત ચકાસવા માટેની ટેસ્ટીંગ કીટનું ગામ સ્તરે વિતરણ, આરોગ્ય વિષયક મુદ્દાઓની જાણકારી આપવી.

- **એડવાન્સ ટેકનોલોજી** અંતર્ગત ગ્રુપ તેમજ જુથ પાણી પુરવઠા યોજનાઓનું સ્કાડા પધ્ધતિથી નિયમન અને સંચાલન, વીજળી વિહોણા અંતરિયાળ ગામોમાં સોલાર પાવર પંપ મુકવો, બોરના પાણીના આવરો વધારવા માટે હાઇડ્રોફ્રેકચરીંગની કામગીરી વગેરે

- **વાસ્મો** દ્વારા થતી કામગીરીમાં (૧) લોકભાગીદારીથી ગ્રામપાણી સમિતિ દ્વારા ગામની આંતરિક પાણી પુરવઠા યોજનાનું આયોજન અને અમલીકરણ કરવું (૨) પાણીની ગુણવત્તા માટેની ચકાસણીની તાલીમ અને તે માટે જરૂરી પાણી ગુણવત્તા કીટનું વિતરણ કરવું (૩) આદિજાતિ વિસ્તારોમાં ઘર સુધી નળ કનેકશનની કામગીરી કરવી.

## પાણી પુરવઠા પ્રભાગ હેઠળ મુખ્યત્વે થયેલ કામગીરી :

- ૧૧૧૯૮ ગામ/ફળીયાઓને આવરી લેતી ૩૬૦ ગ્રામ્ય જૂથ પાણી પુરવઠા યોજનાઓ પૂર્ણ કરવામાં આવેલ છે. જેની મરામત અને નિભાવણી ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ દ્વારા કરવામાં આવે છે.
- ૨૨૧૪ ગામ/ફળીયાઓને આવરી લેતી ૨૫ ગ્રામ્ય જૂથ પાણી પુરવઠા યોજનાના કામો પ્રગતિ હેઠળ છે.
- સરદાર સરોવર કેનાલ આધારીત (સુજલામ સુફલામ યોજના સહિત) યોજના અંતર્ગત કરેલ કામગીરી
- ૧૮૮૮ કિ.મી. લંબાઇની બલ્ક પાઇપલાઇન પૂર્ણ.
- ૨૨૩૬૬ કિ.મી. લંબાઇની વિતરણ ગ્રુપ હેઠળની પાઇપલાઇન પૂર્ણ .
- ૫૫ વિતરણ ગ્રુપ પૂર્ણ.
- ૩૨ વિતરણ ગ્રુપો પ્રગતિ હેઠળ છે.
- ૫૧૦૪ ગામ અને ૮૦ શહેરોને નર્મદાનાં નીરથી જોડવામાં આવેલ.
- કુલ ૯૦.૭૦ કરોડ લીટર પ્રતિ દિન એમ.એલ.ડી. ની ક્ષમતાનાં કુલ ૪૭ ફીલ્ટર પ્લાન્ટ પૂર્ણ કર્યા.
- વર્ષ ૨૦૦૩-૦૪ ના સર્વેક્ષણ મુજબ ૯૬૨૮ એન.સી. (માથાદીઠ ૧૦ લીટર કરતાં ઓછું પાણી મેળવતાં) અને પી.સી. (માથાદીઠ ૧૦ લીટરથી વધુ અને ૪૦ લીટરથી ઓછું પાણી મેળવતાં) અને ૭૬૭૫ પાણીની ગુણવત્તાવાળાં (કયુ.પી.) ફળીયાઓમાં પૂરી પાડેલ પીવાના પાણીની સુવિધા
- ૬૪૦૬ એન.સી. / પી.સી. કક્ષાના ફળીયાઓમાં પુરતી પીવાના પાણીની સુવિધા પૂરી પાડેલ છે.
- ૬૨૫૨ કયુ.પી. કક્ષાના ફળીયાઓમાં શુધ્ધ પીવાના પાણીની સુવિધા પૂરી પાડેલ છે.